JRD HC

ખૂબજ અગત્યનું

તાત્કાલિક

ક્રમાંક:ક-૨/રકો/૨૦૧૯/૬૩૪૭-૮૨

કમિશનરશ્રી, શાળાઓની કચેરી,

ડૉ.જીવરાજ મહેતા ભવન,

બ્લોક નં.૯, પ્રથમ માળ

ગુ.રા. ગાંધીનગર

તા.૨૮/૦૮/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિ. શિ. અધિકારીશ્રીની કચેરી,

જિલ્લા.તમામ

વિષય:- વર્ષ.૨૦૧૯-૨૦માં ભારત સરકારની લઘુમતી જાતિની પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ માટે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ (૨.૦)માં શાળા/કોલેજ/સંસ્થાઓના રજિસ્ટ્રેશનની કાર્યવાહી સત્વરે કરવા બાબત..

સંદર્ભ:- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક: વિજાક/શિક્ષણ/લઘેસેલ/૨૦૧૯-૨૦/૩૨૪૯ તા.૨૩/૦૮/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્રની વિગતો જોતાં નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી તરફથી તેઓના તાબાની જિલ્લાઓની કચેરીઓમાં પરિપત્ર કરેલ છે. જે મુજબ ભારત સરકારશ્રીના નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપરની ભારત સરકારશ્રીની યોજનાઓ પૈકીની લઘુમતિ જાતિની શિષ્યવૃત્તિ યોજના (Scholarship Scheme for minority communities) હેઠળનો લાભ લેનાર જે શાળાઓના વિધાર્થીઓ આ યોજનાનો લાભ લેવા માંગે છે તે તમામ શાળાઓએ ચાલુ વર્ષ.૨૦૧૯માં ફરજીયાત ઓન લાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું છે અને નવા આઈડી તથા પાસવર્ડ મેળવી લેવાના છે. તેમજ જેઓની પાસે છે તેઓએ લોગીન કરીને તેઓની Profile Update માં Registration Certificate Upload કરી વિગતો ફરજિયાત Submit કરવાની સૂચના આપેલ છે. અને તે રીતે તે કાર્યવાહી પૂર્ણ કરીને પોતાની શાળાનું જિલ્લા કક્ષાએ વેરીફીકેશન કરાવવાનું છે.

આ બાબતે શાળાઓએ આઈડી/પાસવર્ડ મેળવવા અને વેરીફીકેશન કરાવવા માટે જે તે જિલ્લાની જિલ્લા નાયબ નિયામકશ્રી, વિ.જા.ની કચેરીનો સંપર્ક કરવા માટે જણાવેલ છે.

આ પ્રકારની સૂચનાઓ સમાજ કલ્યાણ ખાતાની વડી કચેરી તરફથી તેઓના તાબા હેઠળની જિલ્લાની કચેરીઓને આપવામાં આવેલ છે અને સમાજ કલ્યાણ ખાતાની જિલ્લા કક્ષાની કચેરીઓ તરફથી જે તે શાળાઓને બારોબાર સૂચના આપવામાં આવેલ છે. આમ સદર કાર્યવાહી સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન કે સહયોગની જરૂર હોય તો શાળાઓએ પોતાના જિલ્લાની સબંધિત જિલ્લા સમાજ કલ્યાણની કચેરી(વિ.જાતિ)નો સંપર્ક કરવાનો થાય છે. જેથી આ કામગીરી પૂર્ણ કરવા માટે જરૂર જણાયે આપના જિલ્લાની જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરીનો જિલ્લા કક્ષાએજ બારોબાર સંપર્ક કરવાનો

Scanned by CamScanner

રહેશે અને તેઓની પાસેથી આઈડી/પાસવર્ડ મેળવવાની અને વેરીફીકેશન કરાવવાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. વેરીફીકેશનની કાર્યવાહી માટે સમય મર્યાદા તા.૩૧/૮/૨૦૧૯ છે. આ કાર્યવાહી પૂર્ણ કરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા.૧૯/૮/૨૦૧૯ના પત્રથી અગાઉ પણ સૂચના આપવામાં આવેલ છે. જે ગંભીરતાથી ધ્યાને લઈને આ બાબતને ટોચ અગ્રતા આપીને કામગીરી પૂર્ણ કરવા માટે આપના જિલ્લાની તમામ શાળાઓને સૂચના આપીને આ કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
કમિશનર, શાળાઓની કચેરી
ગુ.રા. ગાંધીનગર

નકલ રવાના :–

– શ્રેયાન અધિક્ષકશ્રી, આઈ.ટી.શાખા, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોકનં.૯, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર તરફ આ કચેરીની વેબ સાઈટ ઉપર મૂકવા સારૂ..

સવિનય નકલ રવાના :–

– નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં.૪, ત્રીજો માળ, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ..

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૭૩૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.૨૯/૦૮/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner